# પ્રાંતિજ વી.એસ.રાવલ ઈન્સ્ટીટયુટ ઓફ નર્સિંગ ખાતે શપથવિધિ સમારોહ યોજાયો








પ્રાંતિજ તા.૨૦
સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ રેલ્વેસ્ટેશન વિસ્તારમા આવેલ વી.એસ.રાવલ નર્સિંગ કોલેજ ખાતે લેમ્પ લાયટીગ એન્ડ ઓથટેકીગ સેરિમની કાર્યક્રમ યોજાયો.પ્રાંતિજ ખાતે આવેલ વી.એસ.રાવલ ઈન્સ્ટીટયુટ ઓફ નર્સિંગ કોલેજ ખાતે લેમ્પ લાયટીગ એન્ડ ઓથટેકીગ સેરિમની શપથ ગ્રહણ સમારોહ યોજાયો હતો જેમા આરએમો એન્ડ.એમ.શાહ , ઋષિક ભાઈ શાહ, TNAI ના પ્રતિનિધી જોત્સનાબેન, ટ્રસ્ટી સંકેતભાઈ રાવલ, કેમ્પસ ડાયરેકટર કલ્પિતભાઈ ત્રિવેદી , પ્રિન્સીપાલ કરણભાઈ સહિત કોલેજ સ્ટાફ સહિત ના મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા અને દિપ પ્રાગટ્ય કરી ઉપસ્થિત મહેમાનો નુ પુષ્પકુંજ આપીને સન્માન કરવામા આવ્યુ હતુ અને આવેલ મહેમાનો દ્વારા વિધાર્થીઓને કેન્ડલ સેરિમની શપથ લેવડામા આવ્યા હતા જયારે વિધાર્થીઓએ પણ શપથ લઈ ને નિષ્ઠા પૂર્વક ફરજ અદાકરવાના શપથ લીધા હતા તો કોલેજ દ્વારા સમગ્ર કાર્યક્રમ નુ સુદર આયોજન કરવામા આવ્યુ હતુ.

## યુવક કોંગ્રેસ દ્વારા સાબરકાંઠા શ્રમ અને રોજગાર કચેરીઓએ વિરોધ




ગુજરાત યુવક કોંગ્રેસ દ્વારા લોંચ કરવામાં આવેલ ''ગુજરાત માંગે રોજગાર'' કેમ્પેઈન અંતર્ગત આવતીકાલે પ્રથમ ચરણ ''રોજગાર ક્યા છે?'' અંતર્ગત વિવિધ જીલ્લાની રોજગાર કચેરીએ વિરોધ કરવામાં આવી રહ્યો છે. જે અંતર્ગત આપણા સાબરકાંઠા પણ કાર્યક્રમ રાખેલ છે જેમાં 'ગુજરાત યુથ કોંગ્રેસના પ્રમુખ શ્રી વિશ્વનાથસિંહજી વાઘેલા' હાજર રહેશે. તો સર્વે પ્રદેશના હોદેદારઓએ , સાબરકાંઠા જિલ્લા - તાલુકા - શહેર કોંગ્રેસ સમિતિના પ્રમુખ શ્રીઓ અને હોદેદારો, ફ્રન્ટલ /સેલના તમામ હોદેદાર શ્રીઓ, ચુટાયેલ અને ચૂંટણી લડેલા તમામ ઉમેદવારો, જિલ્લા-તાલુકા પંચાયત અને નગરપાલિકાના સદસ્ય શ્રીઓ, સિનિયર આગેવાનો અને કોંગ્રેસની વિચારધારાને માનતા નાગરિકોએ ફરજિયાત હાજર રહેવા વિનંતી. તારીખ ૨૦/૫/૨૨ના રોજ ''રોજગાર ક્યાં છે?'' કાર્યક્રમ અંતર્ગત યુવક કોંગ્રેસ દ્વારા સાબરકાંઠા શ્રમ અને રોજગાર કચેરીનો ઘેરાવ કરવામાં આવશે. બેરોજગારી અને મોંઘવારીના વિરોધમાં યુવક કોંગ્રેસ દ્વારા સાબરકાંઠા જિલ્લામાં શ્રમ અને રોજગાર કચેરી ખૂબ જ મોટી સંખ્યામાં વિરોધ કરવામાં આવ્યો એમાં ગુજરાત પ્રદેશ યુવક કોંગ્રેસના પ્રમુખ વિશ્વનાથ સિંહ વાઘેલા સાબરકાંઠાના જિલ્લા કોંગ્રેસ પ્રમુખ કમલેશભાઈ પટેલ યુવક પ્રમુખ દેવ પટેલ સુરેશભાઈ પટેલ હજાર રહ્યા

## પાલનપુર લક્ષ્મીપુરા ફાટક બંધ હવે કાયમ માટે બંધ, ૯ હજારથી વધુ વાહનોને અસર



પાલનપુરની લક્ષ્મીપુરા ગામમાં આવેલી અંબિકાનગરને જોડતી ફાટક બંધ હવે કાયમ માટે બંધ કરવામાં આવતા ગામમાં અવરજવર કરતા ૯ હજારથી વધુ વાહનોને અસર થઈ છે. આ અંગે વધુ વિગતો આપતાં અમારા બનાસકાંઠા જિલ્લાના બ્યુરો ચીફ ગણપતભાઈ કે. જોશી પાલનપુર નો અહેવાલ જણાવે છે કે , તેની અસર રામલીલા મેદાનના રેલવે ઓવરબ્રિજ પર પડશે અને ટ્રાફિકની સ્થિતિ બદથી બદતર બની જશે. ડી.એફ.સી.સી.આઈ.એલ., અમદાવાદ (રેલ્વે મંત્રાલય, ભારત સરકાર)ના સૂત્રોએ જણાવ્યું હતું કે 'ભારત સરકાર રેલ્વે મંત્રાલયના ઉપક્રમ ડેડીકેટેડ ફ્રેટ કોરીડોર દ્વારા ન્યુ પાલનપુર થી ન્યુ મહેસાણા રેલ્વેના ડબલ પાટાનું કામ પુર્ણ થયું છે. જીલ્લા કલેકટરના NOC મુજબ તથા હવે રેલ્વેના ડબલ પાટા ઉપર કાયમી ધોરણે ટ્રેનની અવર જવર શરૂ થઈ છે જેથી લક્ષ્મીપુરા ફાટક ૧૭ મે મંગળવારથી વાહનોની અવર-જવર માટે બંધ કરવામાં આવશે. આ રૂટના કાયમી ડાયવર્ઝન હવે નવા એસબીપુરા ગોબરી તળાવ નવા ઓવરબ્રિજ, માનસરોવર ઓવરબ્રિજ અને રામલીલા મેદાન ઓવરબ્રિજનો ઉપયોગ કરવાનો રહેશે.'રેલવે વિભાગની આ પ્રકારની આકસ્મિક જાહેરાતથી લક્ષ્મીપુરા ગામના રહીશો ચોંકી ઉઠયા છે. રહીશોએ જણાવ્યું હતું કે પાછલા ત્રણ વર્ષથી અંડરબ્રિજ અને ઓવર બ્રિજ બનાવવાના ચક્કરમાં કંઈ પણ કામ થઈ શક્યું નથી. કેટલાક મકાનોને નુકસાન થાય છે જેને લઈ વાદ વિવાદ સર્જાતાં સમયસર બ્રિજના કામ થયા નહીં. બે વર્ષ પહેલા ગોબરી તળાવ પર બ્રિજ બનીને પૂરો થઈ ગયો પરંતુ લક્ષ્મીપુરા માં હજુ કોઈપણ પ્રકારની મંજૂરી પણ આવી નથી.'

## બનાસકાંઠા જિલ્લાના અમીરગઢના કાનપુરામાં ૪૦ ફૂટ નીચે પથ્થર આવી જવાથી પીવા અને સિંચાઈના પાણીની ગંભીર તંગી



પાલનપુરથી ૫૦ કિલોમીટરના અંતરે આવેલાઅમીરઝઢ ના કાનપુરા ગામની બે વર્ષથી હાલત કફોડી બની છે. દૂર દૂર સુધી લહેરાતા ખેતરો દેખાતા નથી સીમાડો પૂરો થાય છે ત્યાં જ ચારેય બાજુ પર્વતીય હારમાળા આવેલી છે. આ અંગે વધુ વિગતો આપતાં અમારા બનાસકાંઠા જિલ્લાના બ્યુરો ચીફ ગણપતભાઈ કે. જોષીનો અહેવાલ જણાવે છે કે, કાનપુરા પાટિયાથી દોઢ કિલોમીટર આગળ જતા જમણી બાજુ રહેતા ખેડૂતે બારેમાસ ખેતી કરી શકે તે માટે ટ્યુબવેલ બનાવવાનું વિચાર્યું અને પોતાના ખેતરમાં બે મહિનામાં ત્રણ બોર બનાવડાવ્યા પરંતુ એકેય માં પણ પાણી નીકળ્યું નહીં. આવી જ કફોડી હાલત અન્ય બે ખેડૂતોની પણ છે. બે મહિનામાં ૧૦ ટ્યુબવેલ થયા પરંતુ તમામ નિષ્ફળ ગયા.ગુરુવારે ખેડૂતના ખેતરમાં ૫૦ ફૂટ નીચે પથ્થર આવી જતા પથ્થર ચીરીને પેટાળનું પાણી ઉલેચી શકાય તે માટે હેવી મશીનરી ખેડૂતો દ્વારા લાવવામાં આવી. અને ૧૫૦ ફુટ ઊંડે સુધી ગઈ. કલાકો સુધી હવામાં પથ્થરોની ડસ્ટ ઉડતી રહી અને આખરે થાકી હારીને ખેડૂતોએ હથિયાર હેઠા મુક્યા. હેવી મશીન લઈને ડ્રીલિંગ કરવા આવેલા કરવી હોય એ જણાવ્યું કે 'અમે પણ આ સ્થિતિમાં લાચારી અનુભવી રહ્યા છીએ. ખેડૂત પૈસા ખર્ચી રહ્યો છે અને સામે પરિણામ મળી નથી રહ્યું. આજુબાજુ બધે પાણી મળી રહ્યા છે પરંતુ કાનપુરમાં નીચે પથ્થર આવી જાય છે. અનેક ખેડૂતોને પથ્થર નીચે પણ પાણી મળ્યું છે. પરંતુ કોણ જાણે કેમ કાનપુરા ખેડૂતોને હજુ સફળતા મળતી નથી.'

## રાજ્ય સરકાર દ્વારા માંગણીઓ સ્વીકારાતા અરવલ્લી જિલ્લા શિક્ષણ જગતમાં ખુશીનો માહોલ

મેઘરજ. તા.૨૦
ગાંધીનગર ખાતે ગત રોજ તારીખ ૧૭/૫/૨૨ ના રોજ શિક્ષણ વિભાગના કેબિનેટ મંત્રી જીતુભાઈ વાઘાણી અને રાજ્ય કક્ષાના મંત્રી કિર્તિસિંહ વાઘેલા અને કુબેર ભાઈ ડિંડોર તેમજ શૈક્ષણિક સંકલન સમિતિના પદાધિકારીઓ ની ઉપસ્થતિમાં માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાના જે શૈક્ષણિક અને વહિવટી પ્રશ્નોનું નિરાકરણ આવ્યું છે તેમાં ફિક્સ પગારની નોકરી ને સળંગ નોકરી ગણી તેના વર્ષો બઢતી,પ્રવરતા ઉચ્ચતર પગાર ધોરણ તેમજ અન્ય લાભો માટે મંજૂરી આપવી,વર્તમાન પરિણામ આધારિત ગ્રાન્ટ નીતિ નાબૂદ કરી જૂની ગ્રાન્ટ નીતિનો અમલ કરાવવો,,એક એક વર્ગની શાળામાં ૩ ૧ નો રેશિયો અમલમાં મૂકવો,આચાર્યને પણ એલ ટી સી નો લાભ આપવો,આચાર્યના ૫/૧/૬૫ ના ઈજાફા ને નાણાં વિભાગની મંજૂરી અપાવવી,બિન શૈક્ષણિક સ્ટાફની ભરતી માટેની મંજૂરી શરૂ કરાવવી,આચાર્યોની ભરતી માટેની પરિક્ષાનું આયોજન,સાતમા પગાર પંચના બાકી હપ્તા ખૂબ ઝડપથી ચૂકવવામાં આવશે.




શાળાકીય શૈક્ષણિક પ્રશ્નોના ઉકેલ માટે મા. મુખ્યમંત્રી શ્રી, શિક્ષણ મંત્રી,નાણાં મંત્રી,સરકાર શ્રી તેમજ રાજ્ય શૈક્ષણિક સંઘ સંકલન સમિતિનો અરવલ્લી જિલ્લા શૈક્ષણિક સંકલન સમિતિએ આભાર અને ઋણાનુરાગ વ્યક્ત કર્યો હતો.ઉપસ્થિત પદાધિકારીઓ અને કર્મચારીઓએ ઢોલ નગારા સાથે સરકાર ના હકારાત્મક કાર્યોનું અભિવાદન કર્યું હતું.

સદર આનંદોત્સવમાં અરવલ્લી જિલ્લા શૈક્ષણિક સંકલન સમિતિના પદાધિકારીઓ એન.ડી પટેલ,પી.જે પટેલ, મુકેશભાઈ પટેલ, અશોકભાઈ પટેલ, મહેન્દ્રભાઈ પટેલ, નિલેશભાઈ જોષી,ભાવેશ ચૌધરી, કૌશિક સોની, ડી.કે પ્રજાપતિ સહિત તમામ સંઘોના પદાધિકારીઓ અને કર્મચારી મિત્રો હાજર રહ્યા હતા.

## મેઘરજના પટેલ છાપરા ગામે ત્રિ-દિવસીય જગન્નાથ મહાદેવ મંદિરનો પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ ઉજવાયો





મોડાસા, તા. ૨૦
અરવલ્લી જિલ્લામાં મેઘરજ તાલુકાના પટેલ છાપરા ગામે ગામની અંદર બનાવેલ નવીન મંદિર શ્રી જગન્નાથ મહાદેવ ના મંદિર નો પ્રાણપ્રતિષ્ઠા મોહોત્સવ ઉજવાયો હતો.ત્રી દિવસીય મોહોત્સવમાં ગામમાં શોભાયાત્રા કાઢવામાં આવી હતી તેમજ યજ્ઞ અને મંદિરનું વાસ્તુ અને શિખર ધજા આરોહણ કરવામાં આવ્યું હતું જેમાં મંદિર ની અંદર શિવલિંગ સહીત શિવ પરિવાર ની મૂર્તિઓ ને બ્રાહ્મણો દ્વારા મંત્રોચાર તેમજ યજ્ઞ દ્વારા મંદિરમાં મૂર્તિઓ અને શિવલિંગની પ્રતિષ્ઠા કરવામાં આવી હતી.છેલ્લા દિવસે ગામ દ્વારા મહાપ્રસાદ નું પણ આયોજન કરવામાં આવ્યું હતું આમ ગામ ના સાથ સહકાર થી પટેલ છાપરા ગામે જગન્નાથ મહાદેવ મંદિર નો પ્રાણ પ્રતિષ્ઠા કાર્યક્રમ શાંતિ પૂર્ણ રીતે શ્રદ્ધા થી ઉજવવામાં આવ્યો હતો

## પ્રાંતિજના મજરા બ્રીજ ઉપર પ્રાંતિજના ભાવસાર દંપતિને અકસ્માત નડયો








પ્રાંતિજ તા.૨૦
સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજના મજરા ત્રણ રસ્તા પાસે બનેલ નવીન બ્રીજ ઉપર ટ્રક અને એક્ટિવા વચ્ચે અકસ્માત સર્જાયો હતો જેમા અકસ્માતમા પત્નીનુ મોત નિપજયુ હતુ તો પતિને ઈજાઓ થતા ૧૦૮ મારફતે સારવાર અર્થે ખસેડવામા આવ્યા હતા.

હિંમતનગર અમદાવાદ નેશનલ હાઈવે આઠ પ્રાંતિજ ના મજરા ત્રણ રસ્તા ઉપર બનેલ નવીન બ્રીજ ઉપર એક્ટિવા અને ટ્રક વચ્ચે અકસ્માત સર્જાયો હતો જેમા પ્રાંતિજ થી પોતાના એક્ટિવા નંબર ય્ન૦૯ છઁ ૭૮૮૧ ઉપર પ્રાંતિજ થી અમદાવાદ જઈ રહ્યા હતા ત્યારે પ્રાંતિજ ના મજરા ત્રણ રસ્તા ઉપર બનેલ નવીન બ્રીજ ઉપર થી પ્રસાર થઈ રહ્યા હતા તે દરમ્યાન હિંમતનગર તરફ થી ફુલફાસ્ટ ટ્રક નંબર-સ્ઉ૧૨ ૅ ૭૬૨૦નો ચાલક ફુલફાસ્ટ હંકારી લાવીને એક્ટિવા ઉપર જઈ રહેલ દંપતી ને પાછળ થી ટક્કર મારી નીચે પાડી દીધા હતા તો દંપતી એક્ટિવા સાથે રોડ ઉપર પટકાયુ હતુ જેમા ચેતનાબેન કાન્તીલાલ ભાવસાર ના માથાના ભાગે ટ્રક નુ પાછળ નુ ટાયર ફરી વળતા તેવો નુ ઘટના સ્થળેજ કમકમાટી ભર્યુ મોત નિપજયુ હતુ તો તેવોના પતિ ભરતભાઈ કાન્તીલાલ ભાવસાર ને પણ નીચે પટકાતા ભાથાના ભાગે તથા શરીરે ઈજાઓ પોહચી હતી તો અકસ્માત સર્જીને ટ્રક ચાલક ભાગીજતા બ્રીજ ઉતરતા ઉતરતા દોડી આવેલ લોકોએ ટ્રક ને ઝડપી પાડયો હતો તો પ્રાંતિજ-તલોદ ના ધારાસભ્ય અને રાજય ના મંત્રી ગજેન્દ્રસિંહ પરમાર ત્યાથી જઈ રહ્યા હતા તેવોએ પણ ગાડી માથી નીએ ઉતરી ૧૦૮ ને ફોન કરી ઈજાગ્રસ્ત પતિ ભરતભાઈ કાન્તીલાલ ભાવસાર ઉ.વર્ષ-૫૦, રહે.નાનીભાગોળ તા.પ્રાંતિજ, જિ.સાબરકાંઠા હાલ રહે અમદાવાદ કે જેવોને ઈજાઓ પોહચતા તેવો ને ૧૦૮ મારફતે પ્રાંતિજ સિવિલ ખાતે સારવાર અર્થે ખસેડવામા આવ્યા હતા જયારે અકસ્માત ની જાણ પ્રાંતિજ પોલીસ ને થતા પ્રાંતિજ પોલીસ પણ તાત્કાલિક ઘટના સ્થળે દોડીજઈ હતી અને મૃતક ચેતનાબેન ને પ્રાંતિજ સિવિલ ખાતે પીએમ અર્થે ખસેડવામા આવ્યા હતા અને અકસ્માતનો ગુનો નોધી આગળ ની તપાસ હાથ ધરી હતી.

## જે ચિંતાનું કારણ છે એ જ ફરીથી કોંગ્રેસ અધ્યક્ષ !!

### થર્ડ અમ્પાયરની દ્રષ્ટિએ...

બાયડ તા.૨૦
લાગે છે કોંગ્રેસે આ ચિંતન શિબિરને અંતે એવું નક્કી કરી લીધું છે ભાઈ જે થવાનું હોય તે થાય પણ કોંગ્રેસના અધ્યક્ષ તો ગાંધી પરિવારના જ હોવા જોઈએ!! એમાંય 'રાહુલ ગાંધી' કોંગ્રેસની પહેલી અને છેલ્લી પસંદ છે...ખબર નહિ કોંગ્રેસને માનનારાઓને કેમ એવું લાગી રહ્યું છે કે કોંગ્રેસનું સુકાન તો ગાંધી પરિવાર જ સંભાળી શકે?? શુ કોંગ્રેસ પાસે રાહુલ ગાંધી સિવાય કોઈ સક્ષમ નેતૃત્વ જ નથી?? બસ કોંગ્રેસીની આ એકજ દઢતાને લીધે કોંગ્રેસે લગભગ બધુજ ગુમાવી દીધું!! 'કદાચ કોંગ્રેસ હવે પોતાની રહી સહી શાખ ફરીથી રાહુલ ગાંધીને નેતૃત્વ આપીને કોંગ્રેસની પુર્ણાહૂતી તરફ જઈ રહી હોય તેવું મને લાગે છે...

રાહુલ ગાંધી ભારતમાં કેટલા લોકપ્રિય છે એ કહેવાની જરૂર નથી, દરેક ભારતીય રાહુલજીને જાણી ગયા છે... મને ગણી વાર પ્રશ્ન થાય કે કોંગ્રેસ અધ્યક્ષ રાહુલ ગાંધીનું બૌદ્ધિક લેવલ આ છે તો બાકી કોંગ્રેસી નેતાઓ કેવા હશે?? એક સમય હતો કોંગ્રેસ પાસે અનુભવી અને સ્માર્ટ ધુરંધર નેતાઓનો મોટો કાફલો હતો. છેલ્લા ૨૦ વર્ષમાં માત્ર એક પરિવારવાદની જીદને કારણે આ કોંગ્રેસની મણકાની માળાના મણકાઓ એક પછી એક ખરતા ગયા!! કેટલા કેટલા નેતાઓનું નામ લખું, બહુ મોટું લિસ્ટ છે કોંગ્રેસના નેતાઓનું કે જેમની કદર આ ગાંધી પરિવાર ના કરી શક્યો... 'અને આવા તમામ મોટા ગજાના નેતાઓએ કોંગ્રેસનું દામન છોડી દીધું!!'

કોંગ્રેસે ભૂતકાળમાં માધવરાવ સિંધયા અને રાજેશ પાયલોટ જેવા દિગગજોની ઉપેક્ષા કરી પ્રમાણમાં નબળા એવા રાજીવ ગાંધીને ગાદી આપી, ફરી એનું એજ પુનરાવર્તન થતું રહ્યું કે જ્યોતિરાદિત્ય અને સચિનને સાઈડમાં મૂકી અને જીહજૂરીઆઓએ રાહુલ ગાંધીમાં ભરોસો કર્યો... આવા અનેક કોંગ્રેસ નેતાઓ પાતાળના પેટમાં દટાઈ ગયા છતાંય રાહુલ ગાંધી જેવાને કોંગ્રેસ હાઈલાઈટ્સ કરી રહી છે... કોંગ્રેસ પતન ઉપર જઈ રહી છે તેનું કારણ યોગ્ય વ્યક્તિને મહત્વ નથી અપાયું અને પરિવારવાદ જ ચાલ્યો છે તે છે... બિનસાંપ્રદાયિક રાષ્ટ્રમાં હિન્દુઓને ભોગે મુસ્લિમોનું તુસ્ટિકરણ કરવું તે પણ પ્રમુખ કારણ છે... 'એટલે કોંગ્રેસ લાખ ચિંતન કરે પણ પરિણામ બદલાઈ ના શકે!!'

નરેન્દ્ર મોદીજી જેવા ધરખમ ખેલાડી સામે રાહુલજી વામણા લાગે તે કહેવાની જરૂર નથી... IPL ની ટીમમાં પણ ના ચાલે તેવા ખેલાડીને વર્લ્ડકપની ફાયનલ મેચમાં કેપ્ટન બનાવીએ તો મેચ રમ્યા પહેલાજ હારવાનું નક્કી છે!! મોદીજી આજે વર્લ્ડના ટોપ મોસ્ટ લીડર છે તેમાનો એક પણ ગુણ રાહુલજી જોડે છે ખરો?? જે કોંગ્રેસની ચિંતાનું પ્રમુખ કારણ છે... રાહુલ ગાંધીને જ અધ્યક્ષ બનાવીને કોંગ્રેસ રહ્યું સહ્યું પણ ગુમાવી દે તો નવાઈ નહીં!

## PSI એચ.એમ.ગઢવીને મામલતદાર બનવાનો અભરખો ભારે પડ્યો, ૪ દિવસના રીમાન્ડ મંજૂર, કોના નામ ખુલશે તેના પર સૌની નજર

મોડાસા, તા. ૨૦
મોડાસા મામલતદાર કચેરીમાં ખોટા સિક્કા બનાવી ખોટો રેકર્ડ ઉભો કરવા મામલે મોડાસા નેત્રમ શાખામાં ફરજ બજાવી ચુકેલા અને મુડેટી ખાતે ફરજ બજાવતા એચ.એમ.ગઢવીને કોર્ટમાં રજૂ કરવામાં આવતા ચાર દિવસના રીમાન્ડ કોર્ટે મંજૂર કર્યા છે. ખોટા સિક્કા બનાવી રેકર્ડ ઉભા કરવા મામલે મોડાસા ડીવાયએસપી ભરત બસિયા તેમજ તેમની ટીમ દ્વારા ઝીણવટભરી તપાસ કરવામાં આવી હતી અને બુધવારના રોજ મુડેટી ખાતેથી પીએસઆઈ એચ.એમ.ગઢવીની અટકાયત કરાઈ હતી. ત્યારે પીએસઆઈને મામલતદાર બનવાનો શોખ ભારે પડી ગયો અને પોલિસ સંકજામાં આવતા પીએસઆઈના મોતિયા મરી ગયા સાથે સાથે એ લોકોના પણ મોતિયા મરી ગયા હશે કે જેમણે એચ.એમ.ગઢવીને સાથ આપ્યો હતો. હવે પોલિસ તપાસમાં કયા કયા નામ ખુલે છે તે પણ જાણવા લોકો ઈચ્છુક બન્યા છે. અરવલ્લી જિલ્લાની વિવિધ રેવન્યુ વિભાગની કચેરીઓમાં ચાલતી કામગીરીથી લોકો પહેલેથી જ પરેશાન હતા પણ તંત્ર જાણે અજાણ હતું હવે આ સમગ્ર કૌભાંડનો પોલિસે પર્દાફાશ કર્યો છે ત્યારે કોના નામ ખુલે છે તેના પર મીટ મંડરાઈ રહી છે. તારીખ ૨૩-૦૭-૨૦૧ થી ૦૮-૦૭-૨૦૨૧ દરમિયાન અજાણ્યા ઈસમ આરોપીએ એક્ઝિક્યુટીવ મેજીસ્ટ્રેટ અને મામલતદાર મોડાસા કચેરીના દાવા નંબર ૬૮૯/૨૧ તેમજ મનાઈ હુકમનો પત્ર તથા કચેરીનું લેટર પેડ બનાવી તેમાં માલતદાર મોડાસાના હોદ્દાના ખોટા ગોળ સીક્કા કરી મામલતદાર કચેરી મોડાસાની તરીકે ખોટી સહિયો કરી ખોટું રેકર્ડ ઉભુ કરવા મામલો સામે આવ્યો હતો. જેમાં મોડાસા મામલતદાર અરૂણકુમાર સુરજદાન ગઢવી પોતે ફરિયાદી બન્યા હતા અને સમગ્ર મામલે તપાસ ડીવાયએસપી દ્વારા કરવામાં આવી હતી ત્યારે પોલિસ તપાસમાં નેત્રમ શખામાં ફરજ બજાવતા તત્કાલિન પીએસઆઈ અને હાલ મુડેટી એસ.આર.પી. કેમ્પ ખાતે ફરજ બજાવતા એચ.એમ.ગઢવીની પોલિસે અટકાયત કરી હતી.



**PSI ના રીમાન્ડમાં હવે શું થશે ખુલાસો તેની પર સૌની નજર!!!**

મોડાસા કોર્ટે ખોટા સિક્કા બનાવી મનાઈ હુકમ પત્ર આપવા મામલે પીએસઆઈના ૪ દિવસના રીમાન્ડ મંજૂર કરતા હવે સઘન પૂછપરછ થવાની શક્યતાઓ છે ત્યારે મળતિયાઓએ હવાતિયા મારવાના શરૂ કરી દીધા હોવાની ચર્ચાઓ ચાલી રહી છે. ત્યારે પોલિસ પૂછપરછમાં કોના નામ ખુલે છે તે જાણવા લોકો ઘણા ઉત્સુક છે.

**સળગતા સવાલો :**
કોના ઈશારે PSI એ ખોટા સિક્કાનો દુરુપયોગ કર્યો ?
કચેરીના સિક્કાનો ઉપયોગ થયો ત્યાં સુધી મામલતદાર કચેરીના અધિકારીઓને ગંધ કેમ ન આવી ?
શું કોઈના સાથ-સહકારથી આ સમગ્ર કૌભાંડ આચરવામાં આવ્યું ?
PSI એચ.એમ.ગઢવી પ્યાદુ કે પછી માસ્ટર માઈન્ડ ?
જો PSI એચ.એમ.ગઢવી પ્યાદુ હોય પછી માસ્ટર માઈન્ડ કોણ ?
PSI ને સાકરિયાથી શું સંબંધ હતો કે ખોટા સિક્કાનો ઉપયોગ કરી હુકમ તૈયાર કર્યો ?

## ગાંભોઈ પાસેની સીફૂસ કંપનીમાંથી રૂા.૨૩.૭૨ લાખનું મગફળીનું બિયારણ નિકળેલી ટ્રક ગાયબ

બાયડ, (બ્યુરો ઓફિસ) તા.૧૮
હિંમતનગર તાલુકાના ગાંભોઈ પોલીસ સ્ટેશનની હદમાં તખતગઢની એગ્રો સીસ કંપનીમાંથી રુ૨૩, ૭૨,૩૦૦નું મગફળીનું બિયારણ ભરી રાજસ્થાન જવા નિકળેલી ટ્રક ગાયબ થતાં ચકચાર મચી છે. ટ્રક ડ્રાઈવરનો મોબાઈલ ફોન સ્વીચ ઓફ થતાં ૧૫,૨૬૦ કીલો બિયારણ રસ્તામાં ક્યાંક સંતાડ્યું હોવાની સાથે કોઈને વેચી દેવાયું હોવાની આશંકા સાથે કંપનીના પ્રોડકશન પ્રોસેસીંગ મેનેજરે ડ્રાઈવર સામે પોલીસ ફરિયાદ આપી છે. બનાવ અંગે ગાંભોઈ પોલીસે ગુનો નોંધી બિયારણ ભરેલી ટ્રક રસ્તામાં ક્યાં અને કેવી રીતે ગાયબ થઈ તેની તપાસ શરુ કરી છે.

અમરેલી જિલ્લાના કોટડાપીઠાના વતની અને હાલ કલોલની સહયોગ સોસાયટીમાં રહેતા હિરેન રમેશભાઈ ચોવટીયા સયાજી સીસ એલ.એલ.પી.માં પ્રોડકશન પ્રોસેસીંગ મેનેજરની ફરજ બજાવી રહ્યા છે. તા.૧૦-૫-૨૦૧૨ના રોજ કંપનીમાંથી મગફળીના દાણા રાજસ્થાન મોકલવાના હોવાથી ટ્રક(ન.આર.જે.૦૫-જીબી-૨ ૨૪૯)માં ટ્રાન્સપોર્ટ મારફતે તખતગઢ ખાતે આવેલી કલ્યાણ એગ્રો સીસમાંથી મગફળીના બિયારણ સાથે ખુરશીદ ફતાન નામના ટ્રક ડ્રાઈવર સાથે રવાના કરવામાં આવ્યું ૨૩,૭૨,૩૦૦ની કિંમતનું મગફળીનું બિયારણ રાજસ્થાનના જયપુર અને સીકર ખાતે પહોંચાડવાનું હતું પરંતુ રસ્તામાંથી બિયારણ ભરેલી આખી ટ્રક ગાયબ થઈ છે. જ્યારે ટ્રકના ચાલકનો મોબાઈલ ફોન સ્વીચ ઓફ થયો હોવાથી બિયારણનો જથ્થો રસ્તામાં સંતાડવાની સાથે સગેવગે કરી દેવામાં આવ્યો હોવાની આશંકા વ્યક્ત થઈ છે. તખતગઢની કંપનીમાંથી ભરેલ મગફળીના બિયારણ સાથે રવાના થયેલ ટ્રકનો ડ્રાઈવર આ સાથે શંકાના દાયરામાં આવી જતાં પોલીસ ફરિયાદ દાખલ થઈ છે.